ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૬.૭ ડીગ્રી
લઘુતમ : ૨૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૧ ટકા ● સાંજે ૨૧ ટકા



ઉનાળો આવે એટલે પાણી, ઈલેકટ્રીસીટી બધાની માંગ વધે. હજુ તો ઉનાળાની શરુઆત છે વળી નર્મદાના નીર આ વર્ષે નીચાં જતા નાગરિકોને પાણી સમજીને વાપરવા માટે સમાચારપત્રો, રેડિયો, ટીવી, સોશ્યલ મિડીયા દરેક જગ્યાએ અભિયાન ચલાવાઈ રહ્યા છે. હજુ તો હમણાં જ આપણે 'વિશ્વ જળ દિવસ' પણ ઉજવ્યો. પાણી દરેક રીતે, બધા માટે ખૂબ જ જરુરી છે તે સમજવા છતાં નાગરિકો અને તંત્ર બેદરકારી દાખવે છે. જેના પરિણામ સ્વરૂપે શહેરમાં તો ઓછી તકલીફ અનુભવાય છે પણ ગામડાંઓમાં ગ્રામીણ પ્રજાને અપાર મુશ્કેલીઓ વેઠવવી પડે છે. ઉપરોકત તસવીર શહેરના સે-૨૮ના બગીચા ખાતે પાણીના થઈ રહેલા આવા બગાડની છે. તો હજુ પણ તંત્ર અને પ્રજા 'જળ વિના જીવન નહિ' સુત્રને સમજે અને બાકીના ઉનાળાના દિવસોમાં પાણીનું સુખ દરેકને ભોગવવા મળે તે રીતે પાણી વાપરે તેમાં જ સમજદારી છે.

# ચિલોડા સર્કલથી દારૂ પીધેલી યુવતી સહીત પાંચની ધરપકડ

## પોલિસ પાંચ જગ્યાએ ચોરી થઈ હોય તો એક જ ગુનો નોંધે છે ને કામગીરી બતાવવા પીધેલાના બેનાં પાંચ કેસ કરે છે...! : બે ગાડીમાંથી પકડાયા છતાં પાંચ અલગ અલગ ગુના દાખલ કર્યા..!

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર નજીક ચિલોડા સર્કલથી પોલિસે ગઈ કાલે મોડી સાંજે બે ગાડીઓ પકડી હતી જેમાં દારૂ પીધેલી એક યુવતી સહિત પાંચ પીધેલા મળી આવ્યા હતા. એક ગાડીમાંથી બે અને બીજી ગાડીમાંથી ત્રણ પીધેલા મળ્યા હતા. સામાન્ય રીતે ચોરીઓ થઈ હોય ત્યારે પોલિસની બેદરકારી છતી થતી હોય છે, તેને છુપાવવા માટે પાંચ જગ્યાએ ચોરીઓ થઈ હોય તો એક જ વ્યકિતની ફરિયાદ લઈ પાંચેયની ચોરી એક ફરિયાદમાં સમાવી લે છે પરંતુ આ કેસમાં બે ગાડીઓમાં પાંચ પીધેલા પકડાયા તો બે ગુના દાખલ કરવાને બદલે પ્રોહીબીશનની સારી કામગીરી બતાવવા પાંચેયના અલગ અલગ ગુના દાખલ કર્યા હોય તેવું ચિત્ર ઉપસ્યું છે.

મળતી માહિતી મુજબ ગઈ કાલે મોડી સાંજે ચંદ્રાલા પાસે હાઈવે પર મુકેલુ બેરીકેટ ઉછાળીને સ્વીટ ગાડી ભાગી હતી પોલિસે ચિલોડા સર્કલથી આ જીજે૧ આરપી ૬૦૧૭ નંબરની ગાડી પકડી અંદર જોયું તો યુવતી ડ્રાઈવ કરતી હતી. અમદાવાદ અર્ચના સોસાયટીમાં રહેતી ખુશ્બુ બાબુલાલ શાહ અને તેની બાજુમાં બેઠેલા જવાહરનગર અમદાવાદના યુવાન મીલીન રવિન્દ્ર વડગામાને પીધેલી હાલતમાં ચિલોડા પોલિસે પકડી પાડયા હતા. તે ઉપરાંત જીજે ૦૧ એચ.એફ. ૪૮૬૨ નંબરની વેગનઆર ગાડી થોડા સમય બાદ શંકાના આધારે ઉભી રખાવી પોલિસે તપાસ કરી તો તેમાં બેઠેલા ત્રણ અમદાવાદી યુવાનો પણ દારૂ પીધેલા મળી આવ્યા હતા. નરોડાના પ્રિયંક નિરંજન ત્રિવેદી, નવા નરોડાનો દીપક પ્રકાશ શર્મા અને અમદાવાદ પાસપોર્ટ ઓફીસ સામે રહેતા પરેશ કાંતિ ત્રિવેદી ત્રણેય પીધેલાઓની ધરપકડ કરી લેવાઈ છે.જો કે બે ગાડીમાં પકડાયેલા પાંચ વ્યકિતના પાંચ અલગ અલગ ગુના ચિલોડા પોલિસે દાખલ કરી 'કડક' કાર્યવાહી હાથ ધરી હતી.

## વાતવાતમાં

● ગાંધીનગરના સેકટર-૨૯ જલારામ મંદિરે રકતદાન શિબિર યોજવામાં આવી હતી. આ શિબિરમાં રકતદાતાઓને પ્રમાણપત્રો તથા શુભેચ્છા ભેટ આપી સન્માનવામાં આવ્યા હતા.

● શહેરમાં ધો-૧૦ની બોર્ડની પરીક્ષાઓ પૂર્ણ થતા જ ધો-૧૧ અને ધો-૧૨ની શાળાઓમાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓ તથા વાલીઓને આકર્ષવાના પ્રયત્નો ખાનગી શાળાઓ દ્વારા વધારી દેવાયા છે. રવિવારે રજાના દિવસે કેટલીક શાળાઓમાં આ અંગે સેમિનાર પણ યોજવામાં આવ્યા હતા.

# આજે બલરામ મંદિરે હેપ્પી ચકલી ઘરનું અંતિમ વિતરણ

ગાંધીનગર, તા.૨૫

છેલ્લા એક સપ્તાહથી હેપ્પી યુથ કલબ દ્વારા વિશ્વ ચકલી દિવસ નિમિત્તે 'હેપ્પી સ્પેરો વીક'નું આયોજન કરાયું છે. જે અંતર્ગત શહેરમાં વિવિધ સ્થળ જેવા કે સેકટર-૧૬માં પાટનગર યોજના ભવન સામે, સેકટર-૧૨માં બલરામ મંદિરે, સરગાસણ ચાર રસ્તા પાસે પ્રમુખ ઓએસીસ અને કુડાસણમાં શ્યામ સૃષ્ટિ કોમ્પ્લેક્ષ ખાતે 'હેપ્પી ચકલી ઘર'નું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત શહેરમાં અનેક સ્થળે પક્ષી માટે પાણી મળી રહે તે હેતુથી માટીના કુંડાની પક્ષી પરબોનું સ્થાપન કરવામાં આવ્યું છે. 'હેપ્પી સ્પેરો વીક' અંતર્ગત આવતીકાલે સવારે ૮ થી ૧૦ વાગ્યા દરમિયાન સેકટર-૧૨માં ઉમિયા મંદિર આગળ બલરામ મંદિર ખાતે 'હેપ્પી ચકલી ઘર'નું અંતિમ વિતરણ યોજાશે. જેમાં બાકી રહેલા સ્ટોક મુજબ વહેલા તે પહેલાના ધોરણે ચકલી ઘરનું વિના મૂલ્યે વિતરણ કરાશે.

# સિસિકાની માસિક બેઠક ૨૮મીએ યોજાશે

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરની સિનિયર સિટીઝન કાઉન્સિલની માર્ચ ૨૦૧૮ની માસિક બેઠક તા. ૨૮મી માર્ચ બુધવારના રોજ સાંજે ૪.૩૦ કલાકે સેકટર-૭માં સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજ વાડી ખાતે યોજાશે. આ બેઠકમાં ફેબ્રુઆરી અને માર્ચ માસની સંયુકત બેઠકનું આયોજન કરાયું હોવાથી જેમના જન્મદિવસ આવે છે તેવા સભ્યોને અચૂક હાજર રહેવા તાકીદ કરવામાં આવી છે.

# બે વર્ષથી વોન્ટેડ બુટલેગર એસ.ઓ.જીના સકંજામાં

## અડાલજ અને દહેગામ પોલિસ સ્ટેશનનાં ગુનાઓમાં વોન્ટેડ બુટલેગર પોલિસથી નાસતો ફરતો હતો



ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર જિલ્લાના અડાલજ અને દહેગામ પોલિસ સ્ટેશનમાં પ્રોહીબીશનના ગુનામાં બે વર્ષતી નાસતો ફરતો કઠલાલ તાલુકાનો બુટલેગર ગાંધીનગર એસ.ઓ.જી.ના સકંજામાં આવી ગયો છે. છેલ્લા બે વર્ષથી વોન્ટેડ આ બુટલેગરનો એસઓજીની ટીમે ચોકકસ બાતમીને આધારે દબોચી લઈ તેને અડાલજ પોલિસ સ્ટેશન સોંપવામાં આવતા અડાલજ પોલિસે તેની પુછપરછ શરુ કરી છે.

ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી એસઓજી પી.આઈ. પરેશ સોલંકીની ટીમ જિલ્લાના પોલિસ સ્ટેશનોમાં વોન્ટેડ આરોપીઓની યાદી બનાવી તેમને પકડી પાડવા સક્રીય થઈ છે ત્યારે પીએસઆઈ વી.કે. રાઠોડની ટીમે બાતમી આધારે હળદરવાસ ચોકડી પાસે વૉચ ગોઠવી ખેડા જિલ્લાના કઠલાલ તાલુકાના કાકરખાડ ગામના બુટલેગર રમણ જેશંગ ડાભીને પકડી પાડયો છે. રમણ ડાભી અડાલજ પોલિસ સ્ટેશનના પ્રોહીબીશનના ગુનામાં છેલ્લા બે વર્ષથી અને દહેગામ પોલિસ સ્ટેશનના ગુનામાં એક વર્ષથી નાસતો ફરતો હતો. બુટલેગર રમણ ડાભીની ધરપકડ કરી એસઓજીની ટીમે બુટલેગરને અડાલજ પોલિસ સ્ટેશન સોંપ્યો છે. જે આધારે અડાલજ પોલિસે તેની સંબંધિત કેસ અંગે પુછપરછ શરુ કરી છે.

# લોહાણા સમાજના ઉમેદવારો માટે સ્પર્ધાત્મક કલાસનું ઉદ્ઘાટન

## તા.૧લી એપ્રીલથી જલારામ ધામ ખાતે કલાસ શરુ થશે

ગાંધીનગર, તા.૨૫

જલારામ સેવા સમાજ ગાંધીનગર દ્વારા આયોજીત સરકારી ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષાના તાલિમ કેન્દ્રનું આજે શ્રી રામનવમીના પાવન દિવસે બપોરે ૧૨.૩૯ કલાકે જલારામ ધામ ખાતે જલારામ સેવા સમાજના પ્રમુખ જીતુભાઈ સેજાણીના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સમાજના ભાઈ બહેનો તેમજ રામ ભકતો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.



સરકારી નોકરી મેળવવા માટે વિવિધ પરીક્ષાની તૈયારીઓ માટે પાટનગરમાં લાખો યુવાન ભાઈ બહેનો વસવાટ કરે છે. હજ્જારો રૂપીયા ખર્ચીને સ્પર્ધાત્મક પરીક્ષાના કલાસીસમાં જોડાય છે. ત્યારે જલારામ ધામ ખાતે લોહાણા સમાજના સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરતા યુવક-યુવતિઓ માટે તાલિમ કેન્દ્રનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આગામી તા.૧લી એપ્રિલથી જલારામ મંદિરના પાછળના ભાગે આવેલ ખંડમાં વિવિધ વિષયના વર્ગો યોજાશે. સમાજના ઉમેદવારો માત્ર રૂ.૧૧૦૦ ભરીને પ્રવેશ મેળવી શકે છે. માત્ર ટોકન ફી જ લોહાણા સમાજ દ્વારા રાખવામાં આવી છે અને સમાજના ભાઈ બહેનો માટે આરક્ષિત છે. આજે રામનવમીના પાવન દિવસે ૧૧ ઉમેદવારો નોંધાયા છે આગામી તા.૩૦ એપ્રીલ સુધી ઉમેદવાર ભાઈ બહેનો પોતાનું નામ નોંધાવી શકે છે. તા.૧લી એપ્રિલથી કલાસ-૧,૨ અને ૩ ની નોકરીની ભરતી પ્રક્રિયા માટેના કલાસ શરુ થઈ જશે. આ કલાસના ઉદ્ઘાટન પ્રસંગે સમાજના ભાઈ બહેનો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

# સિવિલમાં ટપકતા પાણી અંગે સર્વે કરી ટપકતું પાણી બંધ કરાશે

ગાંધીનગર, તા. ૨૫

અત્યારે હાલના સમયે પાણી બચાવો અભિયાન ચાલી રહ્યા છે. આ ઉનાળામાં પાણીની કટોકટી સર્જાય તેવી ભિતી છે. જળ છે તો જીવન છે. સેવ વોટરના નારા લગાવી નાગરીકોને જાગૃત કરવામાં આવે છે. સમગ્ર ગુજરાતના શહેરોમાં પાણીમાં કાપ મુકવામાં આવે તેવી સ્થિતિ સર્જાઈ છે. ત્યારે સિવિલમાં દર્દીઓ તેમજ કર્મચારીઓના રોંજીંદા ઉપયોગ માટે રોજનું હજ્જારો લીટર પાણી ટાંકીમાં ચડાવવામાં આવે છે. છતા પણ સિવિલમાં રોજ સવારે પાણીની બુમ ઉઠવા પામે છે. ત્યારે અંતરંગ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ જેનું મુખ્ય કારણ સિવિલમાં કેટલાક સ્થળોએ પાણી લીકેજની સમસ્યા હોવાનું સિવિલના અધિકારીઓને રાઉન્ડ દરમિયાન ધ્યાને આવતા તેઓએ લાગતા વળગતા તંત્રને ઓપીડી બિલ્ડીંગ, નવી બિલ્ડીંગ, કોલેજ બિલ્ડીંગ, હોસ્ટેલ, તેમજ જુની બિલ્ડીંગના સહિતના વિવિધ સ્થળોએ ફરીને પાણી લીકેજનો સર્વે કરવાનું જણાવ્યું છે. અને સર્વે બાદ તાત્કાલીક અસરથી જ તમામ લીકેજ બંધ કરી દેવાની પણ સુચના પણ આપી દેવામાં આવી છે. સિવિલમાં લીકેજ ને પગલે પાણી વેડફાઈ જતું હોવાથી તંત્રના કર્મચારીઓ પણ કામે લાગી ગયા છે. ત્યારે સિવિલમાં રોજ વેડફાતુ હજ્જારો લીટર પાણીનો બચાવ થશે. પાણી બચાવો અભિયાનને પગલે સિવિલના અધિકારીઓએ જે કામગીરી નિભાવી તે આ સમયે એક ઉત્તમ ઉદાહરણ સમાન છે.



સિનિયર સિટીઝન્સની મહિલા પાંખ દ્વારા હોળી-ધુળેટીના પર્વ નિમિત્તે સેકટર-૭ અને સેકટર-૨૩ની સરકારી પ્રાથમિક શાળાઓના ૨૦૦ જેટલાં બાળકોને ખજૂર તથા ધાણીના પેકેટસનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે સેકટર-૭ની શાળાના ધો-૬ થી ૮ના ૯૦ જેટલા વિદ્યાર્થીઓને સેવ, મમરાના પેકેટસનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યમાં સિસિકાની મહિલા પાંખના કન્વીનર આશાબેન દોશી ઉપરાંત સભ્યો દામિનીબેન લાખિયા, મીનાબેન શાહ, જશુબેન ઠકકર, સુમનબેન શાહ, કોકિલાબેન મહેતા, અનિલાબેન રાણા, સરોજબેન દેસાઈ, આશાબેન મહેતા, પ્રતિભાબેન દવે, દિવ્યાબેન વરિયા તેમજ કુસુમબેન જોષીએ સેવાઓ આપી હતી.

# બેટા, શું તું યુવાનોને વ્યસનથી બરબાદ થતા બચાવીશ??

## તમાકુના વ્યસનને કારણે કેન્સરનો ભોગ બનેલા પિતાને મરણપથારીએ આપેલ વચન નિભાવવા પુત્ર દસ વર્ષથી ગામે ગામ ફરી વ્યસન મુકિત જાગૃતિ અભિયાન ચલાવી રહ્યો છે : અમેરિકામાં બધુ વેચીને પરત આવેલ પુત્રને રાજયમાં ૧૦૦ વ્યસન મુકિત પ્રદર્શન ખોલવા છે




ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરના સેકટર-૨૯ના સોની પરિવારનો પુત્ર કોમ્પ્યુટર અને ઈલેકટ્રોનિકસ એન્જિનીયરીંગ ભણીને અમેરિકામાં ખાનગી કંપનીમાં કાર્યરત હતો અને ત્યાં પોતાનો ફલેટ અને ગાડી ધરાવતો હતો. આઠ-નવ વર્ષથી અમેરિકામાં રહી નોકરી તથા સાથે અભ્યાસ કરવા ઉપરાંત વ્યસન મુકિત અંગે જાગૃતિ કાર્યક્રમો પણ કરતા આ યુવાનની વર્ષ ૨૦૧૦માં ગ્રીન કાર્ડ માટે ફાઈલ પણ તૈયાર થઈ રહી હતી તેવા સમયે ભારતથી ફોન આવ્યો કે તમાકુના વ્યસનને કારણે તેના પિતાને કેન્સરનું નિદાન થયું છે અને આ સમાચારના આઘાતથી માતાને પણ હાર્ટ એટેક આવતાં તેમનું ડાબુ અંગ લકવાગ્રસ્ત થઈ જવા પામ્યું છે. આ સમાચારથી દિકરાને પ્રતિત થયું કે 'મારી સાચી જરૂરિયાત તો મારા માતા-પિતાને છે' અને તુરંત તે સમયે ત્યાં વસાવેલી તમામ સંપત્તિ વેચીને યુવાને ઘરની વાટ પકડી લીધી હતી. અહીં થોડા દિવસની સારવારમાં પિતાને ૪ વખત ઓપરેશન કરવું પડયું છતાં બચાવી ના શકાયા અને મરણ પથારીએ પિતાએ આ યુવાન પુત્ર પાસે વચન માંગ્યું કે 'હું તો વ્યસનના લીધે આ દુનિયા છોડીને જઈ રહ્યો છું પરંતુ તું આ માર્ગે જતા લાખો યુવાનોને બચાવીશ??'

બાળપણથી સેવાના સંસ્કાર સાથે ઉછરેલા આ યુવાને પિતાને વચન આપ્યું કે 'તે હવે સમાજમાં વ્યસનમુકિત માટે કાર્યરત રહેશે. અને સમાજસેવામાં જ જીવન વ્યતિત કરશે.' આ યુવાનને તે સમયે તેની વાગ્દત્તાએ પણ સાથ આપ્યો અને બંનેએ પિતાને અંતિમ ઘડીએ વ્યસનના દૂષણો અંગે જાગૃતિ ફેલાવવા કાર્ય કરવાનું વચન આપવા સાથે આ યજ્ઞમાં કોઈ અડચણ ના આવે તે હેતુથી આજીવન બ્રહ્મચર્યનું પાલન કરવાનો પણ નિર્ધાર કરી લીધો. પિતાના અવસાન બાદ ચારેક માસ માતાની સેવા કરી પરંતુ તેમને પણ બચાવી ના શકાયાં. આ પછી છેલ્લા દસેક વર્ષથી આ પુત્ર ગામે ગામ, શાળાઓ, કોલેજો, ખાનગી કંપનીઓ, સંસ્થાઓ વગેરેમાં ફરી ફરીને વ્યસન મુકિત અભિયાન ચલાવી રહ્યો છે. અને તેની પત્નિ બની ચુકેલી વાગ્દત્તા તેના દરેક કાર્યમાં મદદરૂપ બની રહી છે.

મૂળ પેથાપુરના વતની એવા જશવંતલાલ સોની સેકટર-૨૯માં સોનીની દુકાન ચલાવતા





હતા અને તેમના પત્નિ નીરુબેન સોની ઘ-૭ સર્કલ પાસે સરકારી પ્રેસમાં ફરજ બજાવતા હતા. બે દિકરીઓ અને એક દિકરાનો તેમનો પરિવાર ધાર્મિક પ્રવૃત્તિ અને સંસ્કારી વૃત્તિ વાળો હતો. પુત્ર આશિષે શાળાકીય અભ્યાસ બાદ કર્ણાટકના બેલગાંવ ખાતે કોમ્પ્યુટર એન્ડ ઈલેકટ્રોનિકસ ક્ષેત્રે એન્જિનીયરીંગ ક્ષેત્રે સ્નાતકનો અભ્યાસ પૂર્ણ કર્યો પછી ગાંધીનગર જીઆઈડીસીમાં ખાનગી કંપનીમાં નોકરી પ્રાપ્ત કરી હતી. બંને દિકરીઓને પરણાવી સાસરે વળાવી જયારે આશિષને વર્ષ ૨૦૦૦માં અમેરિકાના વર્ક પરમીટ સાથેના વીઝા મળ્યા અને ત્યાં તેણે ન્યુયોર્ક, ન્યુજર્સી તથા બોસ્ટન જેવા શહેરોમાં વિવિધ કંપનીઓમાં કામ કર્યુ પોતાન કાર્ય સાથે આશિષે આ કંપનીઓમાં પોતાના ક્ષેત્રને લગતા અભ્યાસક્રમો પણ કર્યા. આ સાથે પોતાના કોલેજ કાળ દરમિયાન સાંસ્કૃતિક કાર્યક્રમોમાં દેશભકિત અને સ્વાતંત્ર્ય સેનાનીઓના પાત્રો ભજવતા આશિષે અમેરિકામાં પણ યુવાનોને તમાકુ-દારૂ વગેરેના વ્યસનથી દૂર રહેવા જાગૃતિ અભિયાનો હાથ ધર્યા હતા. પોતે સારી કંપનીમાં કાર્યરત હોવા સાથે પોતાનું ઘર અને સોહામણું વ્યકિતત્વ ધરાવતો હતો અને પશ્ચિમી સંસ્કૃતિનું વાતાવરણ હતું છતાં વ્યસનથી દૂર રહેવા સાથે બ્રહ્મચર્યનું પાલન કરતો અને આજીવન બ્રહ્મચારી રહેવાનો નિર્ધાર કરી ચુકયો હતો. આવા સમયે અહીં એકલતા અનુભવતા પિતાને તમાકુનું વ્યસન લાગી ગયું અને આ વ્યસનના કારણે એકાદ વર્ષના ગાળામાં જ તેઓ કેન્સરનો ભોગ બન્યા. અમેરિકામાં બધું વેચીને પરત આવેલ આશિષ માતા-પિતાની માંદગી સમયના આગ્રહને કારણે લગ્ન કરવા તૈયાર થયો અને તેમના પરિવાર જેવા જ એક સત્સંગી પરિવારની દિકરી ગોપી ત્રિવેદી જે પોતે પણ બ્રહ્મચારી થવા માંગતી હતી તેની સાથે સગાઈ કરી હતી. આ દરમિયાન પિતાએ અવસાન સમયે દિકરા પાસેથી વચન લીધું અને આજે આ બંનેએ તે નિભાવવા બ્રહ્મચર્યનું પાલન કરી ગામેગામ વ્યસન મુકિત અભિયાન હાથ ધર્યું છે.

પોતાની તમામ બચત મા-બાપની સારવારમાં ખર્ચી નાંખનાર આશિષ હાલ ગુજરાન ચલાવવા સ્પોકન ઈંગ્લિશ, વ્યકિતત્વ વિકાસ અને ઈન્ટરવ્યુ ટેકનિકસ જેવ વિષયે સેમિનાર્સ પણ યોજે છે પરંતુ તેમનો મોટા ભાગનો સમય તમાકુના વ્યસનની બદીથી યુવાનો-મહિલાઓને જાગૃત કરવામાં વપરાય છે. છેલ્લા દસ વર્ષમાં તેમણે ગાંધીનગરથી માંડીને સમગ્ર ઉત્તર ગુજરાતના અનેક ગામડાઓમાં, શાળાઓમાં પોતાનું પ્રેઝન્ટેશન આપ્યુ છે. અને ૧૫૦થી વધુ કંપનીઓમાં પણ વ્યસન મુકિત માટે સવાઓ આપી છે. વર્ષ ૨૦૧૪માં તેમણે 'આઝાદ લાઈફ' નામની સંસ્થા ઉભી કરી છે. અને તે અંતર્ગત ગાંધીનગરના સેકટર-૩સીમાં 'વ્યસન મુકિત જાગૃતિ માટે કાયમી પ્રદર્શન' તૈયાર કર્યુ છે. આશિષ સોનીએ આ સાથે ભોપાલ યુનિવર્સિટીના કોરસ્પોન્ડન્સ કોર્સથી વ્યસન અને એઈડસ અંગે પીએચડીનો અભ્યાસ પણ પૂર્ણ કરી લીધો છે અને હવે તેમને ડોકટરેટની પદવી એનાયત થનાર છે. પરંતુ તેમનું સ્વપ્ન ગુજરાતભરમાં ૧૦૦ જેટલા વ્યસન મુકિત પ્રદર્શનો ખોલવાનું છે. ગાંધીનગરના બનાવેલા વ્યસન મુકિત પ્રદર્શનનું એપ્રિલ માસના બીજા સપ્તાહે ઉદઘાટન યોજાનાર છે.

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

# શહેરના એસ.ટી. ડેપો ખાતે નવચંડી યજ્ઞ યોજાયો

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરના એસ.ટી.ડેપો તંત્ર દ્વારા દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ રામનવમીના પાવન દિવસે નવચંડી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એસટી તંત્રના અધિકારી-કર્મચારી સહિત ડ્રાઈવર-કંડકટર મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ યજ્ઞ માર્ગ સલામતી અને અકસ્માત નિવારણ માટે તેમજ મુસાફરોની સુખાકારી અને સલામતી માટે કરવામાં આવે છે. તેની સાથે સાથે સ્ટાફના કર્મીઓની પણ સુખાકારી અને આરોગ્ય પ્રદ સ્વાસ્થય રહે તે માટે વિશેષ આયોજન કરવામાં આવે છે. રામનવમીના દિવસે યોજાતા યજ્ઞમાં હજ્જારો સ્ટાફના કર્મચારીઓ હાજર રહે છે તેમજ પ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. ડેપોમાં યોજાયેલ યજ્ઞ દર્શનનો લાભ મુસાફરોએ પણ મોટી સંખ્યામાં લીધો હતો.

## ચિરવિદાય

- સ્વ. અશ્વિનકુમાર રૂડાભાઈ મકવાણા, ઉ.વ. ૮૦
- સ્વ. નયનકુમાર લાલભાઈ ખત્રી, ઉ.વ. ૩૯
- સ્વ. મધીબેન વાલજીભાઈ કુચારા, ઉ.વ. ૧૦૨
- સ્વ. રઈબેન ચુંથાજી વાઘેલા, ઉ.વ. ૭૫